શ્રી અંબીકા શતક.

ભાગ ચોથો.

બનાવનાર.

નડિઆદ નિવાસી

શા. ભાઇચંદ ગોવર્ધનદાસ.

અમદાવાદ આર્યોદય પ્રેસ.

શ્રી
અંબીકા શતક.

ભાગ ચોથો.

રચનાર.
નડિયાદ નિવાસી.
શા. ભાઇચંદ ગોવર્ધનદાસ.

વસંત તિલકાવૃત.

આરાસુરી સમરતાં અઘ સર્વ નાસે,
આરાસુરી સમરતાં પણ કાળ ત્રાસે;
આરાસુરી સમરતાં સુખમાં નિવાસે,
આરાસુરી અખિલ વિશ્વ વિષે પ્રકાશે.

અમદાવાદ આર્યોદય પ્રેસ.

પ્રત ૧૦૦૦

સંવત ૧૯૪૮ } સંને ૧૮૯૨.
શ્રાવણ શુકલપક્ષ. } અગષ્ટ.



૫૦૬



શ્રી અંબીકા શતક.

ભાગ ૪ થો.

ગણપતીની સ્તુતી.

દોહરો.

ગૌરી નંદન ગુણનિધી, ગજાનંન સુખકંદ;
મંગલ કાર્ય કરો તમો, શીશ નમાવે ચંદ. ॥ ૧ ॥

તોટક.

ગણદેવ તમે ગણ નાયકછો,
ગણ નાથ મહા જય દાયક છો;
ગણપત્ત સદા સુખ સ્હાયકછો,
ગિરિજાસુત વંદન લાયકછો. ॥ ૨ ॥

सरस्वतीनी स्तुति.

उपजाती.

સરસ્વતી માત કરો સહાએ,
તો ભાગ ચોથો મુજથી લખાએ:
વસો જિભ્હાગ્રે વિધિની કુમારી,
ગાતાં ગુણો તો ન જવાય હારી. ॥ ૩ ॥

गीति.

શતક ચતુર્થારંભે, અંબે અંબે સ્મરૂ હું કલ્યાણી;
શીશ નમાવી ચર્ણે, વિનવું જોડી તને જુગલ પાણી. ૪
જય જય જય જગ જનુની, જય જય અંબે આરાસુર રાણી;
વંદન કરીને માગુ, આપો મુજને તમો વિમળ વાણી. ૫

शार्दूलविक्रीडीत.

શ્રી અંબા જગ તારણી, અખિલ આ વિશ્વે રહી વ્યાપિતં,
પાતાળે વળિ વ્યોમ સોમ સઘળે શકતી સદા સ્થાપિતં;
માર્યો મ્હૈષ અસૂર ક્રૂર બલથી દેવોનું ધારી હિતં,
તે અંબા ત્રિપુરાઇ વિઘ્ન હરજો એ ચંદ ચાહે ચિતં. ૬

द्रुतविलंबीत.

ત્રિગુણિ રૂપ તમે ત્રિપુરેશ્વરી,
સરવમાં રસ દાયક ઇશ્વરી;
ગવરમાં તમ રૂપ મહેશ્વરી,
કરૂ પ્રણામ પદે પરમેશ્વરી. ૭
ભુવનમાં વનમાં ભુવનેશ્વરી,

અખિલ બ્રહ્મ વિષે સરવોપરી;
નિગમ છો ગમ ના લહિ અક્ષરી,
કરૂ પ્રણામ પદે પરમેશ્વરી. ૮
નથિ સમાન ન આપ મહોદરી,
સકલ સાર સદાતુ સુરેશ્વરી;
દિન દયાલ દયા ગુણ સાગરી,
કરૂ પ્રણામ પદે પરમેશ્વરી. ૯
નિરખવા રખવા દ્રિગમાં ભરી,
નમુ નમું નિત માત સુરેશ્વરી;
અભયદે જયદે ભયલે હરી,
કરૂ પ્રણામ પદે પરમેશ્વરી. ॥ ૧૦ ॥

પ્રભાત રાગ રામકલી.

ભોર ભયો અલબેલી અંબા દો દરશન માડી;
તુજ વિણ મુખ જોવાને મ્હારે,છે મનમાં આડી ॥ભોર॥ટેક.
તું ભોળી ભવ તારણ દેવી, ભવ મધ્યે ભાળી;
ભક્ત તણાં ભય પાપ નિવારણ, આરાસુરવાળી. ॥ભોર॥૧
ત્રિગુણાત્મક ત્રિપુરેશ્વરી બાળા, કાળી કરૂણાળી;
આપ સમાન નહીં અવનીમાં, નિરગળ નિરાળી. ॥ભોર॥૨
જોતા તમારૂ મૂખ મહેશ્વરી, તે દિન દિવાળી;
તો પછી મુખ અવરનું કોનું, જોવું બિરદાળી. ॥ભોર॥૩
પ્રાત સમે પ્રણામ કરી તને, પ્રીત થકી જાચે;
દુર્લભ દરશન આપો દયાળી, ચંદ ચિતે રાચે. ॥ભોર॥૪

શ્રી—પરમ પાવની, સિંહ વાહનીરે, ાાપરમાા ટેક.
અવનિ અંડ, મેરૂ મંડ, ખગે ખંડ, ગતિ પ્રચંડ,
નટ નચાવનીરે. ાા પરમ ાા ૧
વેદ વારણી, ભેદ ભારણીરે;
દિન નિવાજ, કરતિ કાજ, તારિ ઝાઝ, રાખિ લાજ,
ભક્ત ભાવનીરે. ાા પરમ ાા ૨
જણ તારિણી, મહિષ મારીણીરે,
અસુર શૂર, કૂર કૂર, હરી નૂર કીધા ચૂર,
વીર બાવનીરે. ાા પરમ ાા ૩
ભય વિડારિણી, જય વધારિણીરે,
મતીમંદ નમીચંદ, ભણે છંદ, ભવાનંદ,
જપજપાવનીરે. ાા પરગ ાા ૪—૧૮

અંબામા છો તમે વિશ્વાધાર,
હું આવી ઉભો તમારે દ્વાર;
મા રાખો શેવક જનપર પ્યાર,
દયાળુ દિન તણાં દાતાર,
અધરમી હું બનીયો લાચાર;
કહું મા કરગરી વારંવાર. ાા ટેક ાા
પારે તારે-આવીનેરે, લળી લળી લાગું પાય;
કૃપા કરો મુજ માવડી તો, દોષ તે દૂર પળાય;
કરોને સંકટ સમયે વ્હાર. ાા હું ાા ૧
શક્તિ ત્હારી સર્વમાં મા, નહીં કંઇ ઠાલો ઠામ;

વિશ્વાંભરી વરદાયની છો, સૂખતણા વિશ્રામ;
કરોછો પળપળ મા ઉપકાર. ॥ હું ॥ ૨
આદ્ય અહી તમે દાસની મા, પૂરો મનની આશ;
ચંદ્ર કહે મતબાલી મૈયા, જળ હળ જ્યોત પ્રકાશ;
રહ્યોછું બેસી તમ આધાર. ॥ હું ॥ ૩—૨૧

ભવસાગર પ . ઉતારો,
કર ઝાલોને મૈયા મ્હારો. ॥ ભવ ॥ ટેક,
આદ્ય અંબ્રમ ઓધારણ આપ, જપું તમ જાપ,
ટળે તન તાપ, કરોને સુખીયારો. ॥ ભવ ॥
શેવકને કરતાં સ્હાય, તમે મંમાય,
અભયવરદાય, પુજે તુજ પારો. ॥ ભવ ॥ ૨
અંબા હુંછું તમારો દાસ, દિલે વિસવાસ,
કરો ન ઉદાસ, અરજ ઉર ધારો. ॥ ભવ ॥ ૩—૨૪

નમી નમી ત્રિપુરાચરણે.
મંગલમય છે નામ તિહારૂ, નિશદિન મુખે ઉચારૂ;
કૃપા દ્રષ્ટિ કરી રાખો મુજને શરણે. નમી નમી.
ઉજવલ બરની અંગ, જોતાં થાય છે ઉમંગ,
આવે શ્રાવણમાં સંઘ, ઉડે ચાચરમાં રંગ,
વાજે ઝાંઝ મૃદંગ, ઘુમક ઘુમક ઘુમ નૃત કરંતા,
નાગર નિત્યાનંદે ॥ કૃપા ॥ નમી નમી ॥ ૨૫

કેરબો,

છબીલી મોરી માતરે. (૨)
આરાસુરિ અલબેલી અંબા. છબીલી મોરી માતરે. ાાટેકાા
નિરખતાં છબી ન્યારી ત્હારી, દીસે અકળ અજાત રે;
શિવ વિરંચી ધ્યાન ધરેછે, સચરાચર પ્રખ્યાતરે. ાાછાા ૧
સુર કિન્નર નર નાગ તિહારૂ, રટણ કરે દિન રાતરે;
તુજ પ્રતાપ મન વાંચ્છિત તેતો ફળ પાવે સાક્ષાતરે. ાાછાા ૨
નારદ નૃત્ય ધરી કર વિણા, ગુણ તિહારા ગાતરે;
નિશદીન ચંદ નયન તુજ આગે ચરણ કમળ ચિતચ્હાતરે.
છબીલી ાા૩—૨૮

બીહાગ,

ચરન તુમ આયોરે, શરન લ્યોતો સુખ પાયો, ાાટેક.ાા
અધમ ઓધારણ આદ્ય કહાવો;
મહીમા સકળ જગ છાયોરે. ચરન. તુમ૦ શરન, લ્યો૦ ૧
કલ્પ વૃક્ષ સમ કરૂણા કારી;
મંગળ મય નામ ધરાયોરે. ચરન. તુમ૦ શરન. લ્યો૦ ૨
ચંદ સ્તવત મા, શીશ નમાવત;
દાસ તુમ્હારો કહાયોરે. ચરન. તુમ૦ શરન લ્યો૦ ૩

રેખતો. (ગજલ.)

હે, શરન આયો ચરન, આદ્ય લ્યોને ઉગારી ાાટેક.ાા
હુર નિશ ઉર ચ્હાઉં મા, મેં કિપા તુમારી;

કર નેહ નજર મોંપે એહિ બિનતિ હમારી. ॥૧॥ ૧
ભર ગ્યાન ધ્યાન ઘટ વિષે, તન તાપ નિવારી;
વર દાયની વિશ્વંભરી, તુહિ શૈલ કુમારી. ॥દે॥ ૨
સર નામી માત તુજને. યહ અરજ ગુજારી.
કર જોડ કહે ચંદ લિયો જન્મ સુધારી. ॥દે,॥ ૩—૩૪

માઢ.

જય અશરન શરની, ભવ ભય હરની, ત્રિપુરા અંબે માત.
તુહિ તારન તરની, પાલન કરની, ભવ ભય હરની, ત્રી.॥ટેક॥
અમર ઇંદ્ર જોગીંદ્ર મુનિંદ્ર, રટન કરે દિન રાત;
તુજ વિણ અન્ય નહીં અવનીમાં, ધન્ય ધન્ય મોરી માત.
જય આભરન ભરની, ઉજવલ બરની, ભવભય હરની. ત્રીપુરા
અંબે માત. ॥જય॥ તુહિ.॥ ૧
હું અપરાધી પામર પ્રાણી, શરણે આવ્યો આજ;
વિઘ્ન વિડારો ચંદનાં મા, પૂર્ણ કરોને કાજ.
જય અમૃત ઝરની, કર શિર ધરની, ભવભય હરની. ત્રીપુરા
અંબે માત. ॥જય॥ તુહિ.॥ ૨—૩૬

પદ રાગ ઠુમરી.

રટ રટ નામ ભવાનીકારે જીયા,—
રટ રટ નામ ભવાનીકા;
માની સકલ સુખદાની કારે. જીયા, રટ. ॥ટેક.॥
સમાંરે સનેહી નહીં કોઇ સાથી;

પવન ચલેગો તૂફાનીકારે ॥જીયા ૨૮.॥ ૧
જો નર સુમરન કરત સદાઇ.
ફલ પાવે જીંદગાનીકારે ॥જીયા ૨૮.॥ ૨
ચંદ કહત હે ભજ મન અંબા;
ડગર છાંડ અભિમાનીકારે. ॥જીયા.૨૮॥ ૩—૩૯

રાગ પદ.

વિનતી કરૂ કરજોડીરે, મયાળી મૈયા વિનતી કરૂ કરજોડી,
અલબેલી અંબા, વિનતી કરૂ કરજોડી. ॥ટેક.॥
કૂડીરે કરણી મારી, કંઇ નવ જોશો મા;
સાચી વાતોને વખોડી રે ॥ અલબેલી ॥મયાળી,॥ ૧
અધમ ઓધારણ સુણી, શરણે હું આવ્યો મા;
મોં ના મચકોડી નાંખો તોડીરે. ॥અલબેલી ॥મયાળી॥ ૨
ચંદ ચિતેરે તમો, હરનિશ રે'જો મા;
અંતે ના દેશો તરછોડીરે. ॥અલબેલી ॥મયાળી.॥ ૩'૪૨

રાગ પદ.

તું નચવે ત્યમ નચૂ, માત હો તું નચવે ત્યમ નચૂ. ॥ટેક॥
ત્રિગુણાત્મક વ્યાપક સૌ સત્તા, માયાથી જગ રચ્યૂ;
કામ ક્રોધ મદ લોભ મોહમાં,મન મ્હારૂ બહુમચ્યૂ.॥માત॥૧
શર્ણાંગત સુખદા જગ જનુની, ત્હારૂ સમરણ સચ્ચૂ;
જ્ઞાન ધ્યાન ઘટમાં દ્યો મુજને, હર્નિશ તુજને જચૂ.॥માત॥૨
જેવી દેવી આપો બુદ્ધિ, તેવા કાર્યમાં મચૂ;

ભૂલ ચુક અપરાધ નિવારો, ચર્ણ તિહારે લચ્ચૂ.॥માતા॥ ૩
પ્રેમ દોરી રહી હાથ તિહારે, આપ બચાયે બચ્ચૂ;
ભવજલપાર ઉતારો અંબા, ચંદ ચિત લાલચૂ. ॥માતા॥૪-૪૯

પદ (રાગ મોહોરમનો.)

હો માત માતરે, વાત કહું લ્યો સ્વીકારી;
ત્હારો દાસાનું દાસ, મને ધારી. ॥હોમાત.॥ ટેક.
બિરદ પાળો માટે કહું બિરદાળી,
ત્હારા જેવી ભૂતળે મેં ન ભાળી;
કરૂણા દ્રષ્ટિએ જોજો કૃપાળી. ॥ હોમાત ॥ ૧
હાંરે સમજી ર્‌હાયો છબીલી તારો છેડો,
દયા લાવી દયાળી દુઃખ ફેડો;
અંબા પારે તમારે મને તેડો. ॥ હો માત. ॥ ૨
પૂત્ર દોષ કોપ દિલમાં ન ધારો,
ચંદ્ર ચર્ણ કરો વાણીનો સુધારો;
આવ્યો શર્ણે મા વિઘ્નને વિડારો. ॥ હો માત. ॥ ૩
હાંરે માજી મ્હેર જો હોએ તમારી,
લાજ રાખશો તો રહેશે અમારી;
ચંદ ચાહિ ચિતે વિનતી ઉચારી. ॥ હો માત. ॥ ૪-૫૦

પદ (રાગ ધોળ.)

અંબે માત સમર કળીકાળમાં;
આણી અંતરમાં ભાવ, આણી દીલડામાં ભાવ.અંબે ટેક.

આવી અહીયાં તેં કામ શું શું કર્યું;
તેનો કરી જો હીસાબ, ત્હારૂ નામું તપાસ. અંબે. ૧
મનુષાદેહ મળયોરે મોંઘો ઘણો;
પળમાં થાશેરે નાશ, ઘડીમાં થાશેરે નાશ. અંબે. ૨
સાચી સત્યની જ્યોતોરે જળ હળે;
ખોટા ખાલીરે થાય, ખોટા ફેરારે ખાય. અંબે. ૩
મોટા મોટારે મ્હારથી મહીપતી;
ભૂલ્યા માયામાં ભાન, ભૂલ્યા માયામાં જ્ઞાન. અંબે. ૪
હરખી હરખી નિરખી છબી માતની;
ધરજો અંતરમાં ધ્યાંન, મૂકી મનનાં અભિમાન. અંબે.૫
કહેછે ચંદ ચિતે ચેતી ચાલશો;
થાશે માજીરે સ્હાય, તેથી સિંધૂ તરાય. અંબે, ।।૬।।૫૬

બાર મહિના.

ગરબી.

ભાદરવો.

મા ભાદરવે ભુવનેશ્વરી અલબેલીરે;
આરાસુર વાળી આદ્ય કર સુખ હેલીરે.
શુભ શ્રાવણ કેરો શાંધ, રસમસ રેલીરે;
વળતાં મન થાએ ભંગ, અકળ અકેલીરે.

ના વિસરે વનઘનઘાટ, વૃક્ષને વેલીરે;
ઘેર આવી થાય ઉચાટ, છેલ છબીલીરે.

સાખી. (માલિની વૃતની)

અદ્ભુત ખુબિ તહારી, વિસરે ના વિસારી,
જઉ તમપર વારી, વિંધ્ય વંશા વિહારી;
નિરખિ નયન વારી, ધાર ચાલે સધારી;
રહુ તન મન મારી, ભાદ્રવો જાય ભારી. ॥ ૧ ॥

આસો

મા આસોએ અંબાય, દુખ હર દેવીરે;
ઘર ઘર મંગલ વરતાય, સૌએ શેવીરે.
શુભ નવરાત્રીના દીન, જુગત ઘણેરીરે;
પ્રીતે કરતાં પુજન, મન લ્યો હેરીરે.
વાગેછે ઢોલ મૃદંગ, ભુંગળ ભેરીરે;
ગરબે સૌ ગુણલા ગાય, ફરતાં ફેરીરે,

સાખી.

ફરિ ફરિ ગુણ ગાએ, વંદતા સર્વ પાએ,
લળિ લળિ ચિત ચાહે, માગતા આપ્ય સ્હાએરે
સરવજન ખુશી થાએ, દીન દીવાલિ જાએ
દરસન વિણ દાહે, મન મારૂ મુઝાએ. ૨

કારતક.

મા- કારતક માસે માત, કરૂણા કીજેરે;

દીન જનની સુણીને વાત, દરસન દીજેરે;
ઉર વિરહે વ્યાકુળ થાય, નયણાં ભીંજેરે;
તન મન પદ પંકજ મ્હાય, શરણે લીજેરે.
ચિતમાં નથી પડતુ ચેન, મન કયાં રીઝેરે;
દરસણ વિણ તલસે નેન, જઉ કયાં બીજેરે.

સાખી.

નથિ નથિ નથિ આરો, માં કરો મા અકારો,
ઉર અતિશય ત્હારો, રાખું વિશ્વાસ સારો;
કર ગ્રહિ દિન તારો, સ્થાપ તું દાસ ત્હારો,
જળહળ જય પારો, પૂજવા આપ્ય વારો,

માગશાર.

મા–માગશરીએ મંદીર ખાવા ધાએરે;
સૂકાએ મુજ શરીર, મન અકળાએરે.
પ્રગટે દાવાનળ ઉર, કયમ સહેવાએરે;
ચિંતામાં ચિતડુ ચુર, કયમ રહેવાએરે.
મુજ તન મન કેરૂ દુઃખ, નવ કહેવાએરે;
જોતાંમાં તારૂ મૂખ સૂખ સૌ થાએરે.

સાખી.

જયમગ જગ ત્હારી, જયોત ભારિ પ્રકાશે,
રૂષિ મુનિ બલિહારી,—જાય ધારિ ઉલાસે;
નમિ નમિ નરનારી, આવતાં ત્હારી પાસે,

ભરિ ભરિ દ્રિગવારી, બેસતાં તુંજ આશે. ૪

પોષ.

મા—પોષે પ્રગટી પ્રીત, લાગી ચટકીરે;
તુજ દરશન ચાહે ચીત, ઘો નહીં પટકીરે.
તરછોડો નહીં તમ બાળ, છઉર્મિલા છટકીરે;
ફેવીછો દીન દયાળ, જ્યોત પ્રગટકીરે.
માગુંછું વારંવાર, જાણો ઘટકીરે;
રહે ચરણ કમળ તુંજમાંહ્ય વૃત્તી અટકીરે.

સાખી.

સુખ વિધ વિધ માણે, રંગ રાગે વિલાસે,
જનમન પર જાણે, પ્રેમ ભારી પ્રકાશે.
વિરહ અનળ અંગે, ઉર મ્હારૂ ઉદાશે,
કયમ કરી રમુ રંગે, પ્રેમથી પોષ માસે.

માહા,

મા—માહા મહીને મુજમંન, મળવા તલસેરે;
ઝૂરેછે ઝાઝૂ તંન, કૌંઇ ન કળશે રે.
આવીશું તુજ ભુવંન, દુખડાં ટળશેરે;
આશા રૂપી મ્હાવંન, ફળથી ફળશેરે,
કરતાં દીલ ધરી દરસંન, પાપ પ્રજળશેરે;
થાતાં માજી પરસંન, સુખ સૌ મળશેરે,

સાખી,

સજ થઇ સહુ જાત્રી, આવતાં મા અવાસે,

નવદિન નવરાત્રી, ખેલતાં માઘ માસે;
જય જય જય શબ્દે, માતને લે વધાવી;
મુજ મન ચઢ્યું ઝોલે, સાંભરી વાત આવી. ૬

ફાગણ.

મા ફાગણ ફરતાં ફાગ, જન સહુ ગાએરે;
દરસન વિણ દિલમાં ડાગ, તે નવ જાએરે.
ઊરાડે અબીલ ગુલાલ, ભરિ ભરિ ઝોળીરે;
છાંટે છે રંગ અપાર, કેસર ઘોળીરે.
ભગવતી ભવતારણ આપ, ભવમાં ભોળીરે;
તુજ વિહું તન મુજ તાપ, પ્રગટે હોળીરે.

સાખી.

હળિ મળિ જન ખાંતે, ખેલતાં સર્વ હોળી,
ભરિ કુમ કુમ થાળે, પૂજવા જાય હોળી;
ધરિ ચિત અનુરાગે, ગાય છે ગોરી હોરી,
સુણિ સ્વર સર લાગે, ફાગણે માત ગોરી. ૭

ચૈત્ર.

મા ચૈત્રે ચિત ચિંતાય, થાએ ઝાઝીરે;
મળવાને મન અકળાય, મારૂં માજીરે.
વ્યાપિ ઋતુ રાજ વસંત, સંત મહંતેરે;
આલાપે સંત વસંત, ધરી મન ખંતેરે.
પૂરણ શુભચંદ્ર પ્રકાશ, ખગમાં ખીલેરે;
દેખી મન થાય ઉદાસ, ફરૂ મુખ વ્હીલેરે.

સાખી.

મળિ સહુ નરનારી, માતના ગુણ ગાએ,
રમિ જમિ નવરાત્રિ, ખેલતાં ખૂશ થાએ;
સહુ જનપર રાખો, મ્હેર અંબા ઘણેરી,
વિરહ પ્રબલ જ્વાલા, અંગ લે મુજ ઘેરી. ૮

વૈશાખ

મા-વૈશાખે વા વંટોળ, વાવા લાગેરે;
મુજ જીવ ચડે ચકડોળ, બળુ વણ આગેરે.
પડતો રવી તાપ અમાપ, સો ગભરાએરે;
નદિ સર કુપ વાવ તલાવ, નીર સુકાએરે.
કરતા જન હોમ હુવન, ભય મન ભાળીરે;
કરવા તુજને પરસન, પરમ કૃપાળીરે.

સાખી.

બહુ વિધ બલિહારી, ગાય છે તેહ ટાણે,
સકળ વરણ ત્હારી, શ્રેષ્ટતાને વખાણે;
તમ પદ રજ ન્હાઊં, સ્હાય થાઓ કૃપાળી,
અમિ ભરિ કર દ્રષ્ટી, દાસ જાણી દયાળી. ૯

જેઠ.

મા જેઠે જગજીવંન, જનુની જાણીરે;
સૂકાં દીસે સો વંન, તલસે પ્રાણીરે.
રૂતુ ગિષ્મે અતિ ઉકળાટ, કાળજુ કાપેરે;

મા વિહેં મન ગભરાટ મુજને વ્યાપેરે.
જોતાં વૃષ્ટિની વાટ, નભ સૌ ભાળીરે;
હું જોતો માની વાટ, આંસૂ ઢાળીરે.

સાખી.

તુજ તણિ કિરપાથી, મેહુલે મ્હેર કીધી,
હજુ સુધિ ખુશ ખબરો, મુજને તેં ન દીધી;
શુભ ફળ મળવાને, વાવતા બીજ ખેડૂ,
રટણ રૂપિ બિજ વાવી, નેત્રથા નીર રેડૂ. ૧૦

અશાડ.

મા–અસાડે આનંદ, અંબા આપોરે;
વિશ્વાસે બેઠો "ચંદ" દુખડાં કાપોરે.
થાએ વધુત ચળકાર, નભ ધન ગાજેરે;
તુજ પાખે મારૂં મંન, ઝાઝૂ દાઝેરે.
માગુંછું બેઉ કરજોડ, પ્રણુમી આજેરે;
મા પૂરો મનના કોડ, ગરિબ નિવાજેરે.

સાખી.

અવગુણુ અપરાધો, મંનમાં મા ન લાવો,
હરનિશ ગણી ત્હારો, દાસ જાણી નિભાવો,
લળિ લળિ લળિ લાગું.–પાય પ્રીતે હું અંબા,
વળિ વળિ વળિ માગું શ્રાવણે તેડચ રંભા. ૧૧

શ્રાવણ.

મા–શ્રાવણના શુભદીન, સુખ ઉપજાવેરે;

નટપુરથી નિકળી સંઘ, પારે આવેરે!
શેવાનો સહુ સાહિત્ય, સંગે લાવેરે;
કરી પુજન સોળ પ્રકાર, પુષ્પ વધાવેરે;
નૃત્યાદીક ચાચર ચોક, ખેલ ભજાવેરે;
મા બેઠી સનમુખ ગોખ, લાડ લડાવેરે.
સૌને મન પુર્ણાનંદ, જય જય ગાવેરે,
કરી દંડ પ્રણામે "ચંદ" શીશ નમાવેરે.

સાખી.

કમળ સમ મુખ કાન્તી, નીરખી જાય ભ્રાન્તી
તનમન મુજ મધ્યે, વ્યાપિ શાન્તી પ્રશાન્તી;
કરગરિ કરજોડી પ્રેમ ધારી નમું મા,
અરનિશ તુજ ચર્ણે, ચિત્ત રાખો સ્તવું મા. ॥૧૨-૬૮

ગરબી.

અંબા ના તરસાવોરે,
દાવો લ્હારા દાસ તણોરે મા. અંબા. ટેક.
વિહ્વલ કર્યું મન, વ્હાલ વધારી મા;
લોચનીયે (શીદ) લલચાવોરે. દાવો. અંબા. ૧
લાજ જશે તમો લાગ ન જોશો મા;
દયા નીધી દીલ લાવોરે. દાવો. અંબા, ૨
લાજ જતાં જશે લાજ તમારી મા;
મંગળ નામ ધરાવોરે. દાવો, અંબા.

દીન જાણીને દોષ નિવારોમા;
ચંદ ચિંતે સુખ પાવોરે. દાવો. અંબા. ૪-૭૨

ગરબી.

અભયકરોરે અલબેલી અંબા સંકટ સરવે કાપોરે. ાટેક.ા
જગજનુની જગજીવંન જગ સૌ, જપે તમારા જાપોરે. અ.૧
ત્રિગુણાત્મક ત્રિપુરા મા કહાવો, વેદ પુરાણે છાપોરે.ાઅ. ૨
સન્મતી આપો, દુરમતી કાપો, પ્રલયકરો મુજ પાપોરે. અ.૩
તું ભવતારણ, તાપ વિદારણ, કરમુજ શિરપર સ્થાપોરે. અ૪
ચંદ કહે શીશ નામી ચર્ણે, પ્રેમળ ભકિત આપોરે. ાઅ.૫

ગરબી.

ધન્ય મતબાલી, આરાસુરવાળીરે દીન દયાળી;
મા બિરદાળી, અલબેલી અંબાતું પરમકૃપાળી. ાટેકા.
અપરાધી હું આવ્યો પારે, કરજોડી કહું વારેવારે;
ભવ સિંધૂ ભોળી તું તારે, ા ધન્ય.ા
મુજ કૃત્ય સામું મા નવ જોશો, ભરપુર ભર્યા દોષો કોષો;
સહુ કીલ્મિષ મારાં મા શોષો. ા ધન્ય. ા ૨
જગદોરી હાથ ધરી સાચે, તું જ્યમ નચવે ત્યમ સૌ નાચે;
બંધાયા સૂત્ર થકી કાચે. ા ધન્ય. ા ૩
ઘટ ઘટ તારી માયા વ્યાપી, વટ ચેવટ છાપ હૃદય છાપી;
ભકતો ને સ્હાય સદા આપી. ા ધન્ય. ા ૪
જાચૂ જગજનુની હું જાણી, ફુલ આપો પ્રેમ અધિક આણી;
કહે ચદ તને જોડી પાણી. ા ધન્ય. ા ૫-૮૨

શ્રી

કાગળ.

રાગ ગરબી ઘોળ.

સ્વસ્તી શ્રી શુભ સ્થાન સોહામણું;
આરાસૂરમાં આદ્ય અનૂપ, કાગળ લખુ કોડથી. ॥ટેક॥
તારી સત્તા સબળ સઘળે જાણું;
માને દેવ સકળ સુર ભૂપ. ॥ કાગળ.॥ ૧
પુજ્યારાધે પરમ પદ ધ્રધરી;
ઉપમા શુભ સરવે સુજાણ,
આદ્દી અંબા અખિલ ભુવનેશ્વરી;
વદે વેદ શ્રુતીને પુરાણ. ॥કાગળ॥ ૨
લખીતંગ શેવક દીન તાહુરો,
તેના પ્રીતે સ્વીકારો પ્રણામ. કા.
કરૂં વીનતી કૃપાળી કૃપા કરો;
છેક નઘરાં થશો નહીં આમ. ॥કાગળ॥ ૩
શુભ શ્રાવણ માસ મા આવીયો;
આવે શાંધ ધરી સહુ નેહ. કા.
પ્રેમ વિરહે વ્યાકુળ કરી તાવીયો;
માજી મુજને ન દેશો છેહ. ॥કાગળ॥ ૪
નિરખ્યું વદન કમળ મેંતો જ્યારથીક
લીધું લાવણી મારી તેં પ્રીત. કા.

હુવે વાટ જોઊછું કો વારથી;
તરસાવો ન પ્રીતની રીત. ાાકાગળાા ૫
હું તો બેઠો અંબા ત્હારે આશરે;
ઊર ભાવે ન ભોગ કે જોગ. કા.
પડી ગાંઠ છૂટે કે નહીં સરે;
સાલે અંતર રોગ વિયોગ. ાાકાગળાા ૬
કરી પ્રીતી તો આપ નિભાવશો;
અપરાધની આપો ક્ષમાય. કા.
થોડુ લખ્યુ ઘણું કરી માનશો;
ચંદ ચરણુ કમળ ચિત ચ્હાય,
કાગળ લખી કોડથી. ૭—૮૯

લાવણી.

ચંડી ચરણે નમો કળીગાં, કરી હાથ દોનુ લંબા;
રસનાએ સૌ રટો રાત દિન, જે અંબા શ્રી જે અંબા. ટેક.
ગવરી નંદન ગજાનંન ગુણ નિધી સદા સમરે અંબા;
ચતુર મુખે ચતુરાનંન, હરનીશ, વદી વેદ સમરે અંબા.
ધરી હૃદયમાં ધ્યાન ધુર્જટી, પંચ મુખે સમરે અંબા;
ધરી શીશપર ભાર શેષ પણ સહસ્ર મુખે સમરે અંબા.
સુર્ય ચંદ્ર ગ્રહુ ગગન પ્રકાશી કરે આરતી રહી સ્થંભા;
રસનાએ સૌ રટો રાત દીન જે અંબા શ્રી જે અંબા. ૧
પવન મંદ સુગંધ પ્રસારી, પલક પલક સમરે અંબા;

જમન.

રસનાએ સૌ

ચહે દેવ અહમેવ

ન પાર પામ્યા અપાર

બકારની બલિહારી જાઉ ઉર

વસ્યાં આદિને અંત અક્ષરી, ચોદ છુ

મૂકી માન ઊર્વશી મેનકા રટે અપ્સરાને રંભા,
રસનાએ સૌ રટો રાતદિન જે અંબા શ્રી જે અં..
પાપ તાપ સૌ મટે પલકમાં પ્રેમ ધરી સમરે અંબા;
તનમન વ્યાધી જાય થાય સુખ અંતરમાં સમરે અંબા.
આપે નવ નિધ રિદ્ધ આષ્ટમા સિદ્ધ સદા સમરે અંબા:
દીસે જ્ઞાનનો પંથ અંત પણ મોક્ષ મળે સમરે અંબા.
કહે ચંદ સુખકંદ વૃંદ સૌ વદો તમો અંબા અંબા;
રસનાએ સૌ રટો રાત દિન, જે અંબા શ્રી જે અંબા.૪.૯૩

ચોપાઇ.

"ધન્યધન્ય મા અંબા સતી, ભૂખ્યાનું સુખ જોતાં નથી"એ રાહ.
ધન્યધન્ય મા અંબા સતી, બ્રહ્માશિવ શેવે સુરપતી;
ધન્યધન્ય મા અંબા સતી કીધી જગમાં તે કૂતી આતી.

..ı
..ા. ૩
. સન્મતી;
. અને સંપતી. ૪
.. સુખી સદા સંતતી;
., આપો સંત તણી સંગતી. ૫
.. સતી, કરૂ પ્રણામ પ્રિતે લતીલતી;
. અંબા સતી, ચંદ ચ્હાય અંતે સદગતી. ૬-૯૯

દોહરો.

અર્પું અંબા આપને, પ્રેમ કરી સ્વિકાર;
ચંદ કહે પંચમ વિષે, આપો શુદ્ધ વિચાર. ॥ ૧૦૦ ॥